BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad



# મહિલા, સોશ્યલ મીડિયા અને સામાજિક પરિવર્તન

આચાર્ય અમિતા રમેશચંદ્ર


## સારાંશ

ભારતમાં નારીવાદ આંદોલન ઈસ: ૧૯૭૦ની આસપાસ શરુ થયું અને ઈસ: ૧૯૭૫માં વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ' મનાવવામાં આવ્યો, જેનો પ્રભાવ ભારતીય સ્ત્રીઓ પર પડ્યો. આજે પોતાની ઓળખ સાર્વજનિક જીવનમાં બનાવવા માટે સ્ત્રીઓ પ્રયત્નશીલ છે. સ્ત્રીઓ દ્વારા પોતાની આત્માની ઓળખની તડપના દ્રષ્ટિકોણથી નારીવાદ સાહિત્ય જન્મ્યું. સ્ત્રીએ પોતાનો પહેરવેશ, પરિસ્થિતિ, જીવનનો અનુભવ, ભોગવેલ સુખ:દુ:ખને વિભિન્ન વિદ્યાઓના માધ્યમથી પોતાના લેખનમાં અભિવ્યક્ત કર્યું. આ વાતમાં કોઈ અતિશયોક્તિ નથી કે આજીવિકા કરવાવાળી મહિલાઓની સમસ્યાઓ મુખ્યત્વે વીસમી સદીની ભેટ છે. આજની સ્ત્રી ગૃહિણી તો છે જ, ઘરની બહાર પણ કામ કરે છે. છેલ્લે તેમની સમસ્યાઓ પણ બમણી છે - એક બાજુ પારિવારિક સમસ્યાઓ છે તો બીજી બાજુ ઘરની બહારની સામાજિક સમસ્યાઓ છે અને જવાબદારી પણ, જેને તોડવામાં ઘણા પરિવાર મદદગાર બને છે તો ઘણા વિરોધી. આમ જોવામાં આવે તો સ્ત્રી પ્રાચીન સમયથી જ પરિશ્રમ કરનારી રહી છે. પરંતુ સોશ્યલ મીડિયાના માધ્યમથી આજે મહિલાઓમાં જાગૃતતા આવી છે. આજે સ્ત્રીઓ પોતાના અધિકાર માટે લડતી થઈ છે અને અન્યાય સામે અવાજ ઉઠાવતી થઈ છે. સોશ્યલ મીડિયાના માધ્યમથી જાગૃત થયેલ મહિલાઓ આજે પોતાના સમાન હક્ક પુરુષ પાસે માંગતી થઈ છે.

**વિશિષ્ટ શબ્દ :** મહિલા, સામાજિક સ્થિતિ, આઝાદી, દેશ, મીડિયા, રેડિયો, ટેલિવિઝન, સમાચાર પત્ર, સકારાત્મક, ક્રાંતિ યુગ, પ્લેટફાર્મ, સંભાવના, માલિકી, ભાગીદારી, પારંપરિક મીડિયા, જનસંચાર, આધિપત્ય, અભિવ્યક્તિ, ઈન્ટરનેટ, ઓનલાઈન, સમુદાય, વિચાર, વ્યક્તિગત સંવાદ, વિડીયો કે ઓડિયો, બ્લોગ, વેબસાઈટ, ફેસબુક, ટવીટર, હાઈક, ઈન્સટાગ્રામ, વોટસએપ, પારદર્શિકતા, મૂળભૂત હક, સામાજિક પરિવર્તન, સમાજ, અધિકાર, સોશ્યલ મીડિયા, મહત્વપૂર્ણ, દુનિયા, જવાબદારી, જાગૃકતા, સામાજિક ચેતના, મહિલાઓની સ્થિતિ, ભારતમાં નવા માધ્યમ, સામાજિક સ્તર, વ્યવસાયિક રૂપથી સક્ષમ અને કમાઉ, મનોરંજન, વિકાસ, લોકતાંત્રિક મંચ, જનસંખ્યા, પ્રતિબંધ, વૈશ્વિક રૂપ, ઉપકરણ, દિન પ્રતિદિન, સંશોધન પદ્ધતિ, ટેકનોલોજી યુગ.

**સમસ્યાનું નિવેદન:** ટેક્નોલોજીના યુગમાં રેડિયો,ટેલિવિઝનમાં ક્રાંતિ આવ્યા પછી હવે સોશ્યલ મીડિયાનો યુગ આવ્યો છે તેમાં, બ્લોગ, વેબસાઈટ, ફેસબુક, ટવીટર, હાઈક, ઈન્સટાગ્રામ, વોટસએપ વગેરે પ્રચલિત ખુબ થયું છે. પરંતુ સોશ્યલ મીડિયાનો ઉપયોગ સાચા અર્થમાં કેટલો થઈ રહ્યો છે તે ખુબ મહત્વની બાબત છે. મહિલાઓમાં જાગૃતતા આવે, પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવે, અન્યાય સામે લડત લડે, ન્યાય માટે કાયદા થી માહિતગાર વગેરે અનેક પરિસ્થિતિઓથી જાણકાર બને અને સ્ત્રી સશક્તિકરણ દેશમાં વધુ મજબૂત બને તે માટે સોશ્યલ મીડિયા આશીર્વાદ સમાન છે. જે ઘરે બેઠાં અનેક માહિતીથી તમને માહિતગાર બનાવે છે. પરંતુ સોશ્યલ મીડિયાનો ઉપયોગ જરૂરિયાત પ્રમાણે અને યોગ્ય પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો નથી. શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ મીડિયાનો ઉપયોગ પ્રણામમાં ખુબ જ ઓછો થાય છે તેનો વિચાર કરતા એજ્યુકેશનનો અને સમજણનો અભાવ હોય તેવું લાગે છે. જયારે શહેરી વિસ્તારમાં એજ્યુકેશનનું પ્રમાણ ખુબ ઘણું છે; પરંતુ તેનો સાચા અર્થમાં માહિતી મેળવવા ઉપયોગ પૂરતો થઈ રહ્યો હોય તેમ

લાગતું નથી. સોશ્યલ મીડિયાનો વધતો જતો વ્યાપ ખુબ બહોળો છે પરંતુ તેનો ખોટો ઉપયોગ પણ એટલો જ થઈ રહ્યો છે. આ માટે સાચી દિશા અને સાચું માર્ગ દર્શન ખુબ જ જરૂરી છે.

**પરિચય:** મહિલાઓની સામાજિક સ્થિતિમાં સુધારાને લઈને લાંબા સમયથી વૈશ્વિક સ્તર પર ચિંતા વ્યક્ત થઈ રહી છે અને સમયે સમયે આના માટે પગલાં પણ ભરવામાં આવ્યા છે. દેશમાં આઝાદી પછીથી નીતિ નિર્માતાઓએ મુખ્ય પ્રવાહ તરીકે મીડિયામાં રેડિયો, ટેલિવિઝન, અને સમાચાર પત્રોથી મહિલાઓની સામાજિક સ્થિતિમાં સુધારા લાવવા માટેની આશા કરી. પરંતુ આ મીડિયાએ જે સ્થિતિ હતી તેમની તેમ બનાવેલી રાખી અને મહિલાઓની સામાજિક સ્થિતિમાં બહુ સકારાત્મક પરિણામ આવતા ના દેખાયા. આજે ટેલિવિઝન ક્રાંતિના યુગમાં સોશ્યલ મીડિયાથી એક નવી આશા જાગી છે કે આ એક એવું પ્લેટફાર્મ છે કે જેનાથી મહિલાઓની સ્થિતિમાં સુધારાની સંભાવના ઘણી હદ સુધી કરવામાં આવે છે.

સોશ્યલ મીડિયા માલિકીના માળખાથી અને ભાગીદારીની દ્રષ્ટિથી પારંપરિક મીડિયાથી બિલકુલ અલગ છે. અને મીડિયાના પારંપરિક નિર્માતાઓના જનસંચાર પર એક આધિપત્યને સીધો પડકાર આપે છે. (વિલિયમ્સન, ૨૦૦૯) આ એક એવું માધ્યમ છે જ્યાં કોઈ કોઈની પણ પહોંચ કે અભિવ્યક્તિની આઝાદી સીમિત નથી કરી શકતા. સોશ્યલ મીડિયા ઈન્ટરનેટ આધારિત એક એવું સંચાર છે જેમાં આનો ઉપયોગ કરવાવાળા વ્યક્તિ ઓનલાઈન સમુદાય બનાવીને તેમની સાથે કોઈ પણ પ્રકારની માહિતી, વિચાર, વ્યક્તિગત સંવાદ, વિડીયો કે ઓડિયોની આપલે કરી શકે છે. બ્લોગ, વેબસાઈટ, ફેસબુક, ટવીટર, હાઈક, ઈન્સ્ટાગ્રામ, વોટસએપ વગેરે રીતે પ્રચલિત સોશ્યલ મીડિયા છે.

આજની તારીખમાં સોશ્યલ મીડિયા મહિલાઓના પક્ષમાં બહુ પ્રભાવશાળી હથિયારના રૂપમાં ઉભરી રહ્યું છે. આની પારદર્શિકતા અને સત્યતાએ સ્ત્રીઓને તેમના મૂળભૂત હક આપ્યા છે. સોશ્યલ મીડિયા એ સ્ત્રીઓને માટે એ હથિયાર રૂપ મળ્યું છે કે જ્યાં સામાજિક પરિવર્તન માટે સ્ત્રીઓ પોતાના

વિચારનો અવાજ આપી શકે છે. પુરા સમાજ સામે ઉભા થઈ ને પોતાની આઝાદી અને અધિકાર માટેની લડાઈ લડી શકે છે અને આની શરૂઆત થઈ ગઈ છે તે ઓનલાઈન ફેસબુક, વોટસઅપ, ઈન્સ્ટાગ્રામ વગેરે પર રોજ બરોજ મહિલાઓ દ્વારા અપલોડ થતા તેમના વિચારો દ્વારા ખ્યાલ આવે છે. સોશ્યલ મીડિયા આવવાથી મહિલાઓમાં એક આશા જાગી છે કે જે વિચારો તે પહેલાં કોને કહેવા અને ક્યારે કહેવા તે હવે તેના સાથીના રૂપમાં નવું મીડિયા એટલે કે સોશ્યલ મીડિયાએ તે મહિલાઓને પોતાના વિચાર, હકો રજુ કરવા માટેનું એક પ્લેટફોર્મ આપ્યું છે. મહિલાઓને લાગે છે કે તે લોકો આ માધ્યમના દ્વારા પોતાનો અવાજ દુનિયાની સામે ઉઠાવી શકે છે, કોઈ પણ મીડિયા આવી તાકાત અને જવાબદારી પહેલાં નથી લઈ શકી. સમાજમાં મહિલાઓની સ્થિતિને હંમેશાં બીજા લોકો પોતાની રીતે રજુ કરતા રહ્યા પરંતુ સોશ્યલ મીડિયા એક એવું પ્લેટફોર્મ છે જ્યાં મહિલાઓ પોતાના વિચારને પોતેજ પ્રસ્તુત કરી શકે છે જે તેમની સામાજિક સ્થિતિમાં પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

આપણે એવું પણ નથી કહી શકતા કે સોશ્યલ મીડિયા મહિલાઓ માટે સામાજિક પરિવર્તનમાં કેટલી મદદ કરી રહ્યું છે પરંતુ આ મીડિયા માહિતી, જાગૃકતા અને ઘણી હદ સુધી સામાજિક ચેતના ચોક્કસ પણે સુનિશ્ચિત કરે છે. સોશ્યલ મીડિયાથી હકીકતમાં નીચલા સ્તરે પરિવર્તન આવ્યું હોત તો મહિલાઓની સ્થિતિમાં થોડોક સુધારો હોત. ભારતમાં સોશ્યલ મીડિયાનો ઉપયોગ હજુ પણ ઘણા ઓછા લોકો કરી રહ્યા છે અને જે સ્તર પર મીડિયાનો ઉપયોગ થઈ રહ્યો છે તેના આધાર પર એ કહેવું મુશ્કેલ છે કે મહિલાઓના સામાજિક સ્તરમાં ઘણો સુધારો થયો છે. આજે પણ બહુ ઓછી મહિલાઓ છે કે જેના સુધી સોશ્યલ મીડિયાની પહોંચ છે અને તે મહિલાઓ આનો ઉપયોગ કરી રહી છે.

જે મહિલાઓ વ્યવસાયિક રૂપથી સક્ષમ અને કમાઉં છે તેમણે સોશ્યલ મીડિયાનો ઉપયોગ મનોરંજન મેળવવા સિવાય પોતાના સામાજિક સ્તરમાં સુધારા લાવવા પ્રયત્ન કરી રહી છે એમ લાગે છે પરંતુ

તે ફક્ત સોશ્યલ મીડિયાના માધ્યમ દ્વારા માહિતી જ મેળવી રહી છે અને પોતાના સ્તર પર પોતાની સ્થિતિને સુધારવા માટે કોઈ જ વધુ પ્રયાસ કરી રહી નથી.

આ વાતની હક્કીકત છે કે, સોશ્યલ મીડિયામાં મહિલાઓ પોતાની વાત, વિચારો આ પ્લેટફોર્મ પર પોતે જાતે જ રાખી શકે છે. આના માટે તેમને કોઈ પણ મધ્યસ્થીની જરૂર નથી હોતી. આ માટે સોશ્યલ મીડિયા બીજા માધ્યમોથી અલગ છે. પરંતુ આના માટે મહિલાઓએ જાગૃત થવું પડશે. મહિલાઓએ આ વાત ને સમજવી પડશે કે તેમના વિકાસ અને સામાજિક સ્થિતિમાં સુધારા માટે તેમને પોતે જ આગળ આવવું પડશે. જ્યાં સુધી બીજા લોકો પર નિર્ભર રહેશે ત્યાં સુધી સ્થિતિને બદલવાનો દાવો કોઈ નહિ કરી શકે.

એ કહી શકીયે છીએ કે આજની તારીખમાં લગભગ બધા જ લોકો એમ માની રહ્યા છે કે સોશ્યલ મીડિયા આજે લોકોમાં માહિતી ઉપલબ્ધ કરાવી રહ્યું છે અને આ એક એવું લોકતાંત્રિક મંચ છે જ્યાં મહિલાઓ પોતાની વાત સરળતાથી એક મોટી જનસંખ્યાની સામે કોઈ પ્રતિબંધ વગર મૂકી શકે છે.

આ એક એવું પ્લેટફોર્મ છે જ્યાં બહુ જ ઝડપથી માહિતીઓ વૈશ્વિક રૂપથી લોકો સુધી પહોંચી રહી છે અને આનો ફાયદો નિશ્ચિત રૂપથી મહિલાઓને મળી રહ્યો છે અને મહિલાઓ આ માહિતીથી પોતાના અધિકારો માટે જાગૃત પણ થઈ રહી છે. બદલાવની શરૂઆત તો થઈ ગઈ છે અને નિશ્ચિત રૂપથી સમયની સાથે મહિલાઓની સામાજિક સ્થિતિમાં બદલાવના ઉપકરણના રૂપમાં સોશ્યલ મીડિયાનો ઉપયોગ દિન પ્રતિદિન હજુ વધુ થશે.

"સોશ્યલ વર્કર તરીકે ફરજ બજાવી ચૂકેલા જ્યોત્સ્ના શાહ" જે અખિલ ભારતીય સ્વાસ્થ્ય સંઘ જેવી ઘણી સંસ્થાઓ સાથે જોડાઈને મહિલાઓના અવેરનેશ અને જાગૃત્તિ માટે ઘણા કામો કરેલ છે. જે આજે નિવૃત્તિ પછી ૬૪ વર્ષની ઉંમરે મહિલાઓ માટે ફ્રિલાન્સ કાર્ય કરી રહ્યા છે. તેમને પૂછતાં તેમણે જણાવ્યું કે સોશ્યલ મીડિયાનો ઉપયોગ ગામડામાં મનોરંજન માટે વધુ થતો હોય તેવું તેમનું કહેવું

છે, સોશ્યલ મીડિયાનો ઉપયોગ અવેરનેશ અને જાગૃતિ માટે શહેર કરતા ગામડાઓમાં ઓછો થાય છે અને તેનું કારણ મુખ્ય અવેરનેશનો અભાવ જણાવે છે, આ ઉપરાંત શહેરમાં અવેરનેશ અને શિક્ષણના લીધે મહિલાઓને સોશ્યલ ઈસ્યૂઝની માહિતી, જાગૃતતા, અને સાથે લીગલ હેલ્પ સોશ્યલ મીડિયાના માધ્યમથી મળી રહે છે. વધુ માં તેમણે પોતાનું સૂચન જણાવતાં કહ્યું કે, ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ મીડિયાથી અવેરનેશ આવે તે માટે તેમણે લીગલ હેલ્પ, દહેજની સમસ્યાઓ પીડાતી મહિલાઓ માટે, માનસિક ત્રાસ, બળાત્કાર-છેડતી જેવી સમસ્યાઓ માટે ક્યાંથી મદદ લેવી અને ક્યાં જવું અને કયા પ્રકારની મદદ મળી રહેશે તે માટે એક એપ બનાવવી જોઈએ જેથી તે લોકો સરળતાથી સમજી શકે અને ગામના વિકાસમાં મહિલાઓનો સમાવેશ કરવો જોઈએ જેથી તેમનામાં જાગૃતતા અને અવેરનેશ ઝડપથી આવે.


**સંશોધનનો હેતુ:** ટેકનોલોજીના યુગમાં આજે સૌ કોઈ સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરવા લાગ્યા છે, આજે દિન પ્રતિદિન સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરવાની સંખ્યામાં વધારો પણ જોવા મળી રહ્યો છે. સંશોધન દ્વારા આ ટેકનોલોજીના યુગમાં મહિલાઓને સોશ્યલ મીડિયાના ઉપયોગથી કેટલો લાભ થાય છે, તેમનામાં જાગૃતતા કેટલા પ્રમાણમાં આવી છે. તેમને તેમના વિચારો જણાવવાનું એક માધ્યમ મળ્યું હોય તેવું લાગે છે?, વગેરે પ્રશ્નો દ્વારા શહેરી અને ગ્રામ્ય વિસ્તારના તેમના વિચારો અને મત જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેથી સંશોધનના માધ્યમથી અનુમાન લગાવી શકાય કે આજે ટેકનોલોજીની મદદથી સોશ્યલ મીડિયા આશીર્વાદ સમાન સાબિત થયું છે કે નહિ.

**સંશોધન પદ્ધતિ:** સંશોધન પદ્ધતિમાં પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતીના આધારે સર્વે કરવામાં આવ્યો છે. આ સર્વેમાં પ્રાથમિક માહિતીમાં અમદાવાદ શહેર વિસ્તારમાં નોકરી કરતી કુલ ૫૦ મહિલાઓ દ્વારા પ્રશ્નાવલીના આધારે સર્વે કરવામાં આવ્યો છે. જયારે ગોણ માહિતીમાં ઓનલાઈન વેબ સાઈડથી માહિતી દ્વારા મદદ લેવામાં આવી હતી.

**વિશ્લેષણ અને તારણો:**

(૧) સોશ્યલ મીડિયા મહિલાઓના જીવનમાં અને સામાજિક સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે આશીર્વાદ સમાન સાબિત થયું છે?


| હા | ના |
|---|---|
| | |




સોશ્યલ મીડિયા મહિલાઓના જીવન અને સામાજિક સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે આશીર્વાદ સમાન સાબિત થયું છે તે અંગેનો સવાલ અમદાવાદ શહેરની નોકરી કરતી ૫૦ મહિલાઓને પૂછવામાં આવતાં, તેમાંથી ૪૩ મહિલાનું કહેવું હતું કે સોશ્યલ મીડિયા મહિલાઓના જીવન અને સામાજિક સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે આશીર્વાદ સમાન સાબિત થયું છે, જયારે અન્ય ૭ મહિલાઓનું કહેવું 'ના' હતું.

(૨) જો 'હા' તો મહિલાઓ સોશ્યલ મીડિયાનો ઉપયોગ સામાજિક સ્થિતિને સુધારવા માટે કેટલા ટકા કરી રહી છે?

| ૧૦% થી<br><br>૨૦% | ૨૦% થી<br><br>૩૦% | ૩૦% થી<br><br>૪૦% | ૪૦% થી<br><br>૫૦% | ૫૦% થી<br><br>૬૦% | કે તેથી વધુ |
|---|---|---|---|---|---|
| | | | | | |




મહિલાઓ સોશ્યલ મીડિયાના ઉપયોગ દ્વારા સામાજિક સ્થિતિને સુધારવા માટે કેટલો પ્રયત્ન કરી રહી છે તે અમદાવાદ શહેરમાં નોકરી કરતી ૫૦ મહિલાઓને પૂછતાં તેમાંથી ૭ મહિલાઓ સોશ્યલ મીડિયાના ઉપયોગ દ્વારા પોતાની સામાજિક સ્થિતિને સુધારવા માટે ઉપયોગ કરી રહી નથી તેવું સંશોધન દ્વારા જાણવા મળેલ હતું જયારે બાકીની અન્ય મહિલાઓ જુદા જુદા અંકોના આધારે સામાજિક સ્થિતિને સુધારવા પ્રયત્ન કરે છે તેમાં ૫ મહિલાઓ ૧૦% થી ૨૦% પ્રયત્ન કરે છે, ૧૦ મહિલાઓ ૩૦% થી ૪૦%, ૪ મહિલાઓ ૪૦% થી ૫૦%, ૧૩ મહિલાઓ ૫૦% થી ૬૦%, ૧૧ મહિલાઓ ૬૦% થી વધુ મહિલાઓ સોશ્યલ મીડિયા દ્વારા પોતાની સામાજિક સ્થિતિને સુધારવા માટે વધુ પ્રયત્ન કરે છે. જયારે ૨૦% થી ૩૦%ની અંદર કોઈ મહિલાઓ પોતાની સામાજિક સ્થિતિને સુધારવા પ્રયત્ન કરી રહી હોય તેવું અહીં જાણવા મળેલ નથી.

(૩) મહિલાઓ દ્વારા સોશ્યલ મીડિયાનો ઉપયોગ શહેરી વિસ્તાર જેટલો જ ગ્રામ્ય વિસ્તારમાં થઈ રહ્યો છે તેવું તમને લાગે છે?


| હા | ના | ખબર નથી |
|---|---|---|
| | | |




મહિલાઓ દ્વારા સોશ્યલ મીડિયાનો ઉપયોગ શહેરી વિસ્તાર જેટલોજ ગ્રામ્ય વિસ્તારમાં થઈ રહ્યો છે તે અમદાવાદ શહેરમાં નોકરી કરતી ૫૦ મહિલાઓ ને પૂછતાં તેમના મત અનુસાર તેમનું કહેવું હતું કે ૫૦માંથી ૧૭ મહિલાઓ સોશ્યલ મીડિયાનો ઉપયોગ શહેરી વિસ્તાર જેટલો કે ગ્રામ્યમાં કરી રહી છે જયારે ૩૨ મહિલાઓનો જવાબ 'ના' હતો અને ૧ મહિલાનું કહેવું હતું કે તેમને આ વિશે કાંઈજ ખબર નથી. એટલે કે શહેરી કરતા ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ મીડિયાનો ઉપયોગ ઘણા જ ઓછા પ્રમાણમાં થઈ રહ્યો હોય છે તેવું અમદાવાદ શહેરમાં નોકરી કરતી મહિલાઓનું કહેવું હતું.

(૪) તમારા મત મુજબ, મહિલાઓ દ્વારા સોશ્યલ મીડિયાનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા પ્રમાણમાં થઈ રહ્યો છે?


| ૦% થી ૧૦% | ૧૦% થી ૨૦% | ૨૦% થી ૩૦% | ૩૦% થી ૪૦% | કે તેથી વધુ | ખબર નથી |
|---|---|---|---|---|---|
| | | | | | |




મહિલાઓ દ્વારા સોશ્યલ મીડિયાનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા પ્રમાણમાં થઈ રહ્યો છે? આ પ્રશ્ન અમદાવાદ શહેરમાં નોકરી કરતી ૫0 મહિલાઓને પૂછવામાં આવતા ૫0માંથી ૧0 મહિલાઓનું 0% થી ૧0%માં કહેવું હતું, જયારે ૧૨ મહિલાઓનું ૧0% થી ૨0% માનવું હતું, ૪ મહિલાના મત મુજબ ૨0% થી 30% મહિલાઓ સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરે છે, સૌથી વધારે ૧૫ લોકોનું માનવું હતું કે 30% થી ૪0% મહિલાઓ સોશ્યલ મીડિયાનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારમાં કરી રહી છે, જયારે ૫ મહિલાઓનું કહેવું હતું કે સોશ્યલ મીડિયાનો ઉપયોગ હવે ૪0%થી પણ વધુ ગ્રામ્ય વિસ્તારમાં થઈ રહ્યો છે. બાકીની અન્ય ૪0 મહિલાઓ આ વિશે કોઈ જવાબ નહોતી આપી શકી કારણકે ગ્રામ્ય વિસ્તાર વિશે તે કઈ વિશેષ જાણતા ન હતા.

(૫) તમને સોશ્યલ મીડિયાના ઉપયોગથી શું લાભ મળે છે?


| | | |
|---|---|---|
| ૧. | મનોરંજન મળે છે. | |
| ૨. | તમારા વિચારોમાં પરિવર્તન આવે છે. | |
| 3. | જાગૃતતા આવે છે. | |
| ૪. | તમને તમારા વિચારો મુકવાનું એક પ્લેટફોર્મ મળ્યું હોય એવું લાગે છે. | |




અમદાવાદ શહેરમાં નોકરી કરતી ૫૦ મહિલાઓને સોશ્યલ મીડિયાના ઉપયોગથી તેમને શું લાભ મળે છે તે પૂછતાં મહિલાઓનો જવાબ બહુ વિકલ્પમાં રહ્યો હતો. ૫૦ મહિલામાંથી ૨૬ મહિલાઓ સોશ્યલ મીડિયાનો ઉપયોગ મનોરંજન માટે કરે છે, જયારે ૫૦માંથી ૩૨ જણાના કહેવા અનુસાર સોશ્યલ મીડિયા તેમના જીવનમાં વિચાર પરિવર્તન લાવવામાં પણ મદદ રૂપ સાબિત થયું છે, આ ઉપરાંત ૫૦માંથી ૩૬ જણાનું કહેવું હતું કે તેમને સોશ્યલ મીડિયાના ઉપયોગથી જાગૃતતા આવી છે, અને સાથે ૫૦માંથી ૩૧ જણાનું એવું પણ કહેવું હતું કે તેમને તેમના વિચારો મુકવાનું એક પ્લેટફોર્મ મળ્યું હોય તેમ લાગે છે.

(૬) સોશ્યલ મીડિયાના માધ્યમથી તમે તમારી સામાજિક સ્થિતિમાં સુધારા માટે પ્રયત્ન કરેલ છે?

| હા | ના |
|---|---|
| | |




સોશ્યલ મીડિયાના માધ્યમથી તમે તમારી સામાજિક સ્થિતિમાં સુધારા માટે પ્રયત્ન કરેલ છે? આ પશ્ન અમદાવાદ શહેરમાં નોકરી કરતી ૫૦ મહિલાઓને પૂછવામાં આવ્યો હતો તેમાં ૫૦ મહિલામાંથી ૩૦ મહિલાઓનું કહેવું 'હા' હતું કે સોશ્યલ મીડિયાના ઉપયોગથી તેમની સામાજિક સ્થિતિમાં સુધાર આવ્યો છે, જયારે અન્ય ૨૦ મહિલાઓનું કહેવું 'ના' હતું. ૨૦ મહિલાઓનું કહેવું હતું કે સોશ્યલ મીડિયાથી તેમની સામાજિક સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી.

**સંદભસૂચિ:**


1. महला, डॉ. अरविन्द., कटारिया, डॉ. सुरेन्द्र. (२०१३). भारत में महिला सशक्तिकरण प्रयास एवं बाधाए. नारीवादी विमर्श , (पृष्ठ. ४३-४४). जयपुर: मलिक एण्ड कम्पनी.
2. खंडेला, मान चंद्र. (२००६). आधुनिकता और महिला उत्पीड़न. कामकाजी महिलाओं की सफलताएँ और सीमाएँ, (पृष्ठ. ५२५३,५५). जयपुर: पोइन्टर पब्लिशर्स. www.newswriters.in/2016/02/01/women-and-new-media/



**આચાર્ય અમિતા રમેશચંદ્ર**

પીએચ.ડી સંશોધક(જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.